# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-08-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રક્ષાબંધન પર્વ

આવતીકાલે ભાઇ-બહેનના પવિત્ર પ્રેમ, મમતા અને સ્નેહના તહેવાર એવા રક્ષાબંધનની ઉમંગભેર ઉજવણી થશે. આવતીકાલે શ્રાવણી પુનમ છે જેને નાળીયેરી પુનમ અને બળેવ પણ કહેવાય છે. આવતીકાલે સવારે બહેન ભાઇના કાંડે રાખડી બાંધી તેના દિર્ધાયુની મનોકામના કરશે. બજારોમાં રાખડી અને મીઠાઇ ખરીદવા મોટી સંખ્યામાં બેહનો ઉમટી પડી છે.

**------------------------------------------------------------------------------------------**

## અકસ્માત : કચ્છના બે છાત્રોનાં મોત

માળિયા સુરજબારી પુલ પર ગઇકાલે રાત્રે ભયાનક ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં કચ્છના બે છાત્રો સહિત ચાર જણના મોત નિપજ્યા છે. રક્ષાબંધન તહેવારની રજામાં જુનાગઢની હોસ્ટેલમાંથી વિદ્યાર્થીઓ પોતાના વતન મીઠીરોહર આવતા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સૌ પ્રથમ કન્ટેનટર પલ્ટી મારી ગયુ હતું ત્યારબાદ તેની પાછળ આવી રહેલું ટેન્કર કન્ટેનર સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં પાછળથી આવી રહેલી કાર પણ ટેન્કર સાથે અથડાઇ હતી. આ ભયાનક અકસ્માત બાદ આગ લાગી હતી જેના કારણે અર્ટીગા કારમાં સવાર બે વિદ્યાર્થી, ટ્રન્કના ડ્રાઇવર અને ક્લીનરના મોત થયા હતા. કારમાં સવાર અન્ય સાત વિદ્યાર્થીઓને નાની મોટી ઇજાઓ થઇ હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે સામખિયાળી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છમાં ખરીફ પાકનું વાવેતર : ખેતીવાડી વિભાગ

કચ્છ જિલ્લાના 6 ઓગસ્ટ સુધી ખરીફ પાકનું કુલ વાવેતર 5 લાખ 61 હજાર 469 હેકટરે પહોંચી ગયું છે, જેમાં સૌથી વધુ રાપરમાં 1 લાખ 44 હજાર 985 હેકટરમાં વાવણી થઇ છે જ્યારે સૌથી ઓછું વાવેતર ગાંધીધામમાં 2560 હેકટરમાં થયુ છે. આ વખતે સૌથી વધુ દિવેલા પાકની 1 લાખ 49 હજાર 359 હેકટરમાં વાવણી થઇ છે. ખેડૂતો દ્વારા હજુ પણ વાવેતર કરવામાં આવી રહ્યું છે એટલે ઓગસ્ટના અંત સુધી વાવેતર સાડા છ લાખ હેકટર નજીક પહોંચી જાય તેવી આશા છે.

----------------------------------------------------------------------------------------

## ઘર ઘર તિરંગા અભિયાન : માહિતી

"હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા સ્વચ્છતા કે સંગ" અભિયાન અંતર્ગત કચ્છમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તિરંગા સાથે રાષ્ટ્રીય ગૌરવ અને સ્વચ્છતા અંગેની જાગૃતિ ફેલાવવાના હેતુથી "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે જે અંતર્ગત લાખાપર શાળામાં પત્રલેખન સ્પર્ધા યોજાઇ હતી. કચ્છની અન્ય શાળાઓ અને કચ્છ યુનિવર્સિટીમાં સ્વાતંત્રતા પર્વ અને ઓપરેશન સિંદુર સહિતના વિષય અંતર્ગત રંગોળી સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા  યોજાઇ હતી. શાળાઓમાં રાખડી અને કાર્ડ બનાવી રક્ષાબંધન પર્વની પણ સાથે  ઉજવણી કરવામાં આવી હતી.

----------------------------------------------------------------------------------------

## ભુજમાં હાથવણાટ દિવસની ઉજવણી

કચ્છ લોકસભા તથા કચ્છના સાંસદ વિનોદભાઇ ચાવડા દ્વારા રાષ્ટ્રીય હાથવણાટ દિવસની ઉજવણી નિમિત્તે ગઇકાલે ભુજ ખાતે વણકરોનું વીશિષ્ટ સ્ન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે લોકસભા વિસ્તારના હાથવણાટના વણકરોને આ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન આપવા

બદલ સન્માનીત કરાયા હતા જેમાં વણાટકામ, કાલા કોટન વિવિંગ, પ્લાસ્ટીક વીવંગમાં માહિર મહિલા કારીગરો, દિવ્યાંગ કારીગરનું સન્માન કરાયુ હતું.

---------------------------------------------------------------------------------

## પોલિટેકિનક કોલેજ ભુજ

ભુજની સરકારી પોલીટેકનિક કોલેજના શૈક્ષણિક વર્ષ 2023-24માં મિકેનિકલ એન્જિનીયરિંગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ વિશ્વ ઝાલા અને તેમની ટીમ દ્વારા વિકસાવવામાં આવેલી `સ્માર્ટ સોલાર ક્લીનર' નામની શોધને ભારતીય પેટન્ટ ઓફિસ દ્વારા સત્તાવાર રીતે સ્વીકારવામાં અને પ્રકાશિત કરવામાં આવી છે.`સ્માર્ટ સોલાર કલીનર' એ નવીન ઉપકરણ છે, જેનો હેતુ સ્વચલિત, ઊર્જા-કાર્યક્ષમ સફાઇ પદ્ધતિ દ્વારા સૌર પેનલની કાર્યક્ષમતા વધારવાનો છે. આ શોધ 2025માં ભારતીય પેટન્ટ ઓફિસમાં ફાઇલ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## ભચાઉમાં કંથડનાથ દાદાનો મેળો

ભચાઉના ઐતિહાસિક કંથડનાથ દાદાના ડુંગર ઉપર ભરાયેલા મેળામાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. મેળામાં ભાવિકો સાથે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું મુંબઈ સ્થિત પાટીદાર પરિવાર અને ભચાઉના પરિવારો એ પણ દાદાને શીશ જુકાવ્યું હતું. રાપરના ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ બહાદુરાસિંહ જાડેજાએ કંથડનાથજીના શિખરે ધજા ચડાવીને દર્શન કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યએ 20 લાખ રૂપિયાની ગ્રાન્ટ કંથડનાથજીના કિલ્લા ઉપર વિકાસના કામો માટે ફાળવવા જાહેરાત કરી હતી.

---------------------------------------------------------------------------------

## નારી વંદના સપ્તાહની ઉજવણી

નારી વંદના સપ્તાહ અને મહિલા કલ્યાણ દિવસ અંતર્ગત આદિપુર મહિલા પોલીસ સ્ટેશન દ્વારા બાળકો માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આદિપુર મહિલા પોલીસ

સ્ટેશનના પી.આઇ. એન.બી. ડોડીયાના નેતૃત્વમાં 181 અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ અને શી-ટીમે માનવસેવા સદન ટ્રસ્ટ ખાતે બાળકોને 'બેડ ટચ-ગુડ ટચ' વિશે માહિતી આપી હતી. બાળકોને તેમના શરીર, સુરક્ષા અને વ્યક્તિગત સીમાઓ વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું.

---